Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો સુવિચાર
લોકો પરિશ્રમનું નહી, પણ પરિણામનું સન્માન કરે છે

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

ગુરૂવાર, તા.૭ નવેમ્બર, ૨૦૨૪
7/11/2024 * VOL : 39 * N0. 54 સંવત- ૨૦૮૧, કારતક સુદ-૬

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

## રિપબ્લિકન પાર્ટીને મળી બહુમતી

# અમેરિકામાં ફરી ટ્રમ્પ સરકાર








**(એજન્સી)વોશિંગ્ટન,**

અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડોનાલ્ડ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને વ્હાઈટ હાઉસની રેસમાં ટક્કર આપી છે. પરંતુ હવે ટ્રમ્પ બહુમતીના આંકને સ્પર્શી ગયા છે. ફોક્સ ન્યૂઝે દાવો કર્યો છે કે, આગામી રાષ્ટ્રપતિ ટ્રમ્પ હશે. ટ્રમ્પે ૨૭૦ના જાદુઈ આંકડાને સ્પર્શ કર્યો છે. કમલા હેરિસને ૨૨૫ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. ફોક્સ ન્યૂઝના અહેવાલ પ્રમાણે, ભૂતપૂર્વ પ્રમુખ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને જંગી જીતમાં હરાવ્યા છે.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું કે જુઓ હું આજે ક્યાં છું. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આવો ઉત્સવ આ પહેલા ક્યારેય જોયો નથી. તેમણે કહ્યું કે તેઓ દેશને સુરક્ષિત કરવા માટે તમામ પ્રયાસ કરશે. આ દરમિયાન તેમના સમર્થકો યુએસએ-યુએસએના નારા લગાવતા રહ્યા. 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' ના નારાને પુનરાવર્તિત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હું અમેરિકા માટે દરેક ક્ષણે કામ કરીશ. તેમણે કહ્યું કે આ મારા જીવનની સૌથી મહત્વપૂર્ણ ક્ષણ છે અને મારું બધું જ અમેરિકાને સમર્પિત છે.

તેમના સંબોધન "અત્યાર સુધીનું સૌથી મોટું રાજકીય ચળવળપ" ગણાવ્યું, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "અમે અમારા દેશને ઠીક કરવામાં મદદ કરીશું. આપણા

## ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનો કારમો પરાજય

## દેશની તમામ સમસ્યાઓનું સમાધાન કરીશુંઃ ટ્રમ્પ

દેશને મદદની જરૂર છે. અમે સરહદો ઠીક કરીશું. અમે આજે રાત્રે ઈતિહાસ રચ્યો છે.

ટ્રમ્પે આગળ કહ્યું, "અને હવે તે મહત્વના નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છે, કારણ કે અમે અમારા દેશને મદદ કરવા જઈ રહ્યા છીએ. અમે અમારા દેશને મદદ કરીશુંપઅને અમે આજની રાતે એક કારણસર ઈતિહાસ રચ્યો છે, અને તેનું કારણ માત્ર એટલું જ હશે કે અમે એવા અવરોધોને દૂર કર્યા છે જે કોઈએ વિચાર્યું પણ ન હતું, અને હવે તે સ્પષ્ટ છે કે અમે સૌથી અવિશ્વસનીય રાજકીય વસ્તુ હાંસલ કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી છે. અમેરિકન મીડિયા હાઉસ ફોક્સ ન્યૂઝે જાહેરાત કરી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણી જીતી ગયા છે. અમેરિકાની ચૂંટણીમાં જીત મેળવીને ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના લોકોનો આભાર. આવો નજારો આજ પહેલા ક્યારેય નહિ જોયો હોય. અમે અમારી સરહદ મજબૂત કરીશું. દેશની તમામ સમસ્યાઓનું સમાધાન કરીશું.

ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે લોકો અમેરિકા પાછા આવે, પરંતુ કાયદાકીય રીતે. અહીં દરેક વ્યક્તિ ખૂબ જ ખાસ અને મહાન છે. ટ્રમ્પે એલન મસ્કના વખાણ કર્યા અને કહ્યું કે તે એક અદભૂત વ્યક્તિ છે. ટ્રમ્પે આગળ કહ્યું કે જે મસ્કે કર્યું છે, શું રશિયા કરી શકે છે, શું ચીન કરી શકે છે, બીજું કોઈ કરી શકે નહીં. તેમણે સ્પેસએક્સના તાજેતરના લોન્ચિંગની પણ પ્રશંસા કરી હતી. ટ્રમ્પે વધુમાં કહ્યું કે આપણે એક એવો દેશ છીએ જેને મદદની સખત જરૂર છે. અમે અમારી સીમાઓ ઠીક કરવા જઈ રહ્યા છીએ

ડોનાલ્ડ ટ્રમ્પે સ્વિંગ રાજ્યના મતદારોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે હું તમારા પરિવાર અને ભવિષ્ય માટે લડીશ. અમને સ્વિંગ રાજ્યના મતદારોનું સમર્થન પણ મળ્યું છે. આગામી ચાર વર્ષ અમેરિકા માટે સોનેરી સાબિત થવાના છે. જનતાએ અમને ખૂબ જ મજબૂત જનાદેશ આપ્યો છે.

અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીનું ચિત્ર હવે સ્પષ્ટ જણાય છે. અત્યાર સુધીના ટ્રેન્ડ મુજબ રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ જીત તરફ આગળ વધી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

જ્યારે, ડેમોક્રેટ કમલા હેરિસ પાછળ છે. ચૂંટણી પરિણામોના ટ્રેન્ડની અસર હવે ટ્રમ્પ અને હેરિસ પર દેખાઈ રહી છે. હેરિસના નિરાશ સમર્થકો હવે પરત ફરી રહ્યા છે. કમલા હેરિસે હાવર્ડ યુનિવર્સિટીમાં ભાષણ પણ રદ કર્યું હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે ૫૩૮ માંથી ૨૭૦ ઈલેક્ટોરલ કોલેજ વોટ જરૂરી છે. ટ્રમ્પ હાલમાં ૨૪૭ પર છે જ્યારે હેરિસ ૨૧૦ પર આગળ છે. ટ્રમ્પ સાતમાંથી પાંચ સ્વિંગ સ્ટેટ્સમાં પણ આગળ છે.ટ્રમ્પના સમર્થકોએ ઉજવણીની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ફ્લોરિડાના પામ બીચ સ્થિત કન્વેન્શન સેન્ટરમાં વિજયની ઉજવણી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ પ્રથમ વખત ૨૦૧૬માં પ્રમુખ તરીકે ચૂંટાયા હતા, ભૂતપૂર્વ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટનને હરાવ્યા હતા અને "અમેરિકાને ફરીથી મહાન બનાવવા×ની પ્રતિજ્ઞા લીધી હતી. વૈશ્વિક કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન તે ૨૦૨૦માં રાષ્ટ્રપતિ બાઈડને સામે ફરીથી ચૂંટણી હારી ગયા.

## ટ્રમ્પને મોદીએ પાઠવ્યા અભિનંદન

**(એજન્સી)નવી દિલ્હી,**

ડોનાલ્ડ ટ્રમ્પને ફરી એકવાર અમેરિકાના પ્રમુખ બનવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એલોન મસ્કે અભિનંદન પાઠવ્યા છે. પીએમએ કહ્યું કે હું મારા મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પને ચૂંટણી જીતવા બદલ હૃદયપૂર્વક અભિનંદન આપું છું. ઉલ્લેખનીય છે કે, અમેરિકી પ્રમુખની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પનો જાદુ ફરી એકવાર કામ કરી ગયો છે. તેમણે આ ચૂંટણી જીતીને કમલા હેરિસને હરાવ્યા છે. આવી સ્થિતિમાં, સ્પષ્ટ છે કે હવે અમેરિકાની કમાન ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં રહેશે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં લખ્યું, 'મારા મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પને તમારી ઐતિહાસિક ચૂંટણી જીત પર હાર્દિક અભિનંદન. તમે તમારા પાછલા કાર્યકાળની સફળતાઓને આગળ વધારશો. હું ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અને અમારા સહકારને નવીકરણ કરવા આતુર છું. ચાલો આપણે આપણા લોકોની સુખાકારી માટે અને વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરીએ. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં પ્રમુખની ચૂંટણીના અત્યાર સુધીના પરિણામો અનુસાર કમલા હેરિસને ૨૨૪ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૬૭ ઈલેક્ટોરલ વોટ જીત્યા છે અને અન્ય ઘણા રાજ્યોમાં કમલા પર આગળ ચાલી રહ્યા છે. તેથી હવે એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હશે.

## ૬ ભારતીય મૂળના નેતા છવાયા

**(એજન્સી)વોશિંગ્ટન,**

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેમની સરખામણીમાં ભારતીય મૂળના કમલા હેરિસ પાછળ રહી ગયા. આ ચૂંટણીમાં ભારતીય મૂળના નેતાઓ પણ જોવા મળ્યા હતા. ભારતીય મૂળના કુલ ૬ નેતાઓ યુએસ કોંગ્રેસના સાંસદ બનવામાં સફળ રહ્યા છે. સુહાસ સુબ્રમણ્યમ વર્જીનિયા સીટ પરથી જીત્યા છે. આ ઉપરાંત કેલિફોર્નિયાથી અમી બેરા, ઈલિનોઈસથી રાજા કૃષ્ણમૂર્તિ, કેલિફોર્નિયાથી રો ખન્ના, વોશિંગ્ટનથી પ્રમિલા જયપાલ અને મિશિગનથી શ્રી થાનેદાર સાંસદ બનવામાં સફળ રહ્યા છે. ભારતીય-અમેરિકન વકીલ સુહાસ સુબ્રમણ્યમે વર્જિનિયા અને સમગ્ર ઈસ્ટ કોસ્ટમાંથી ચૂંટાયેલા સમુદાયમાંથી પ્રથમ વ્યક્તિ બનીને ઈતિહાસ રચ્યો છે. સુબ્રમણ્યમે રિપબ્લિકન પાર્ટીના માઈક ક્લેન્સીને હરાવ્યા હતા. તેઓ હાલમાં વર્જિનિયા રાજ્યના સેનેટર છે. આ પહેલા સુહાસ સુબ્રમણ્યમ વ્હાઈટ હાઉસમાં પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે. શ્રી થાનેદાર ૨૦૨૩ થી મિશિગનના ૧૩મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટના સભ્ય છે. હવે તેમને બીજી વખત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. એ જ રીતે ૨૦૧૭થી ઈલિનોઈસ રાજ્યના સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ પણ જીત્યા છે. પરિણામ આવ્યા બાદ કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે મારા માતા-પિતા અમારા પરિવારના ભવિષ્ય માટેનું સ્વપ્ન લઈને આ દેશમાં આવ્યા હતા વિશ્વાસ કે તેઓ અહીં અમેરિકામાં તે હાંસલ કરી શકે છે. કેટલાક મુશ્કેલ સમય હોવા છતાં પણ અમે કર્યું.'

## ડોનાલ્ડ ટ્રમ્પની ક્લિન સ્વીપ

**(એજન્સી)વોશિંગ્ટન,**

અમેરિકાના ઈતિહાસમાં આ સૌથી મહત્ત્વપૂર્ણ દિવસ છે. આ ચૂંટણીમાં ડેમોક્રેટ કમલા હેરિસ અને રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. અમેરિકામાં રાષ્ટ્રપતિ બનવા માટે ૨૭૦ સીટો જીતવી જરૂરી છે. આટલી સીટ મેળવવા માટે સાત સ્વિંગ સ્ટેટ્સમાં જીતવું જરૂરી છે.

આ સ્વિંગ સ્ટેટ્સમાં પેન્સિલવેનિયા, મિશિગન, વિસ્કોન્સિન, જ્યોર્જિયા, નેવાડા, એરિઝોના અને નોર્થ કેરોલિનાનો સમાવેશ થાય છે. જે ૯૩ સીટ ધરાવે છે. જેમાં ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકે આ સાત સ્વિંગ સ્ટેટ્સમાં જીત હાંસલ કરી છે. આ જીત બાબતે ટ્રમ્પે કહ્યું હતું કે, 'અગાઉ અમે ફક્ત ૨-૩ સ્વિંગ સ્ટેટ્સમાં જ જીતી શક્યા હતા, પરંતુ આ પ્રથમ વખત છે કે અમારી પાર્ટીએ તમામ સ્વિંગ સ્ટેટ્સમાં જીત મેળવી છે.'

અમેરિકામાં કુલ ૫૦ રાજ્ય છે જેમાં મોટાભાગના રાજ્ય ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટી વચ્ચે વહેચાયેલા છે. ડેમોક્રેટિક પાર્ટીને ટેકો આપતા રાજ્યોને બ્લુ સ્ટેટ્સ કહેવાય છે જયારે રિપબ્લિકન પાર્ટીને ટેકો આપે તેને રેડ સ્ટેટ્સ કહેવામાં આવે છે. જયારે અમુક રાજ્ય એવા પણ છે બંને પાર્ટીનું સમર્થન કરે છે. આ રાજ્યના મતદારો કોઈપણ પાર્ટીને ટેકો આપે છે કોઈ પાર્ટીનું પરંપરાગત રીતે સમર્થન કરતા નથી, એટલે જ તેને સ્વિંગ સ્ટેટ્સ કહેવાય છે.

## યુપીમાં આઈસર-ઓટો રીક્ષા વચ્ચે અકસ્માતમાં ૧૧નાં મોત

**(એજન્સી)હરદોઈ,**

ઉત્તરપ્રદેશમાં બુધવારે મોટો અકસ્માત સર્જાયો છે. બિલ્હોર કટરા નેશનલ હાઈવે પર અચાનક સામે આવેલા બાઈક સવારને બચાવવા માટે આઈસર ચાલકે બ્રેક લગાવી. જેના કારણે આઈસર રોડ પર ફસાઈ ગયો. જેને લઈને મુસાફરો સવાર ઓટો રિક્ષાએ પણ અચાનક બ્રેક લગાવી. તેનાથી ઓટો રિક્ષા પલટી ગઈ. ઓટોમાં સવાર ૧૧ લોકોના મોત થઈ ગયા, જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા. એક બાઈક સવાર પણ ઈજાગ્રસ્ત થયો.

બે ઈજાગ્રસ્તોને મેડિકલ કોલેજ હરદોઈમાં દાખલ કરાવવામાં આવ્યા છે. એકને લખનઉં રિફર કરાયા છે.

એકની સારવાર સીએચસીમાં ચાલી રહી છે. મૃતકોમાં પાંચ મહિલાઓ, બે યુવક કિશોર, બે બાળકો અને એક માસૂમ સામેલ છે. જેમાં સાસુ-વહૂ, મા-દીકરી, મહિલા અને દીકરો પણ સામેલ છે. બિલગ્રામ કોતવાલી વિસ્તારના બિચપુરિયા અલ્લીગઢ નિવાસી રમેશ (૪૦)ની બહેન ગીતાનું મોત મંગળવાર મોડી રાત્રે મહમૂદપુર ગામમાં થઈ ગયું હતું. તેમના અંતિમ સંસ્કારમાં સામેલ થવા માટે રમેશભાઈ બુધવાર બપોરે બાઈક લઈને જઈ રહ્યા હતા.

## વિદ્યાર્થીઓને મળશે ૧૦ લાખની એજ્યુકેશન લોન

### કેબિનેટે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી યોજનાને અંતે મંજૂરી આપી દીધી

**(એજન્સી)નવી દિલ્હી,**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે આજે બુધવારે પીએમ-વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે, જેના કારણે નાણાકીય અવરોધો ભારતના કોઈપણ યુવાનોને ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ મેળવવાથી રોકે નહીં. પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માંથી બહાર આવેલી અન્ય મહત્ત્વપૂર્ણ પહેલ છે, જેમાં એવી ભલામણ કરવામાં આવી હતી કે સરકારી અને ખાનગી એમ બંને પ્રકારનાં એચઈઆઈમાં વિવિધ પગલાં મારફતે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ. પીએમ વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ, કોઈપણ વિદ્યાર્થી કે જે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થા (ક્યુએચઈઆઈ)માં પ્રવેશ મેળવે છે, તે ટ્યુશન ફી અને અભ્યાસક્રમને લગતા અન્ય ખર્ચની સંપૂર્ણ રકમને આવરી લેવા માટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી કોલેટરલ ફ્રી, ગેરેન્ટર ફ્રી લોન મેળવવા માટે પાત્ર બનશે.આ યોજનાનું સંચાલન સરળ, પારદર્શક અને વિદ્યાર્થીઓને અનુકૂળ સિસ્ટમ મારફતે કરવામાં આવશે, જે આંતર-કાર્યક્ષમ અને સંપૂર્ણપણે ડિજિટલ હશે.

આ યોજના દેશની ટોચની ગુણવત્તા ધરાવતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે, જે એનઆઈઆરએફ રેન્કિંગ્સ દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે – જેમાં તમામ એચઈઆઇ, સરકારી અને ખાનગીનો સમાવેશ થાય છે, જેને એકંદર, કેટેગરી-સ્પેસિફિક અને ડોમેન સ્પેસિફિક રેંક્રિંગમાં એનઆઈઆરએફમાં ટોચના ૧૦૦માં સ્થાન આપવામાં આવ્યું છે; રાજ્ય સરકારના એચ.ઈ.આઈ.ને એન.આઈ.આર.એફ. અને કેન્દ્ર સરકાર સંચાલિત તમામ સંસ્થાઓમાં ૧૦૧-૨૦૦માં સ્થાન આપવામાં આવ્યું છે. નવીનતમ એનઆઈઆરએફ રેંક્રિંગનો ઉપયોગ કરીને આ સૂચિને દર વર્ષે અપડેટ કરવામાં આવશે, અને તેની શરૂઆત ૮૬૦ ક્વોલિફાઈંગ ક્યુએચઈઆઈથી થશે, જેમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

## સઉદી અરબના રણોમાં બરફની ચાદર પથરાઈ

**(એજન્સી)રીયાદ,**

ગરમ અને સુકા પ્રદેશ તરીકે ઓળખાતા સઉદી અરબમાં હવામાનમાં મોટો ફેરફાર વિશ્વના સૌ કોઈને ચોંકાવી રહ્યું છે. ગતવર્ષે જ દુબઈમાં મૂશળધાર વરસાદના લીધે સર્જાયેલી પુરની તારાજી બાદ આ વખતે સઉદી અરબના રણોમાં બરફની ચાદરો પથરાઈ છે. સોશિયલ મીડિયા પર સઉદી અરબમાં હિમવર્ષા થઈ હોવાના વીડિયો વાયરલ થયા છે. જેમાં સઉદી અરબના રણોમાં બરફની ચાદર પથરાઈ છે. જેને લોકો હિમ વર્ષા માની રહ્યા છે. પરંતુ વાસ્તવમાં અલ-જૌફ વિસ્તારમાં બુધવારે બરફના કરાં સાથે પડેલા ભારે વરસાદના કારણે રણ અને પહાડો પર સફેદ બરફની ચાદર પથરાઈ હતી. જેના લીધે પ્રદેશમાં ઠંડીનું જોર વધ્યું હોવાનું સ્થાનિક મીડિયાએ જણાવ્યું છે.

## બુલડોઝર કાર્યવાહી અંગે યુપી સરકારથી સુપ્રીમ કોર્ટ નારાજ

**(એજન્સી)નવી દિલ્હી,**

રસ્તાઓ ઉપર દબાણને લઈને યુપી સત્તાવાળાઓ દ્વારા અરજદારના ઘરને બુલડોઝર દ્વારા તોડી પાડવા પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે યુપી સરકારે જે વ્યક્તિનું ઘર તોડી પાડ્યું છે તેને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે તમે કહો છો કે તે ૩.૭ ચોરસ મીટરનું અતિક્રમણ હતું. અમે સાંભળીએ છીએ પણ કોઈ સર્ટિફિકેટ આપતા નથી, પરંતુ તમે લોકોના ઘર આ રીતે તોડવાની શરૂઆત કેવી રીતે કરી શકો? કોઈના ઘરમાં ઘૂસી જવું એ અંધાધૂંધી છે. વધુમાં તેમણે કહ્યું કે આ સંપૂર્ણપણે મનસ્વી છે, તેમાં યોગ્ય પ્રક્રિયા ક્યાં અનુસરવામાં આવી છે? અમારી પાસે એક એફિડેવિટ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈ નોટિસ જારી કરવામાં આવી નથી, તમે માત્ર સ્થળ પર ગયા અને લોકોને જાણ કરી હતી. અમે આ કેસમાં શિક્ષાત્મક વળતર આપવા તૈયાર હોઈ શકીએ છીએ પણ શું આ ન્યાયનો હેતુ પૂરો કરશે? અરજદારના વકીલે આ મામલે તપાસ કરવા વિનંતી કરી હતી. ચીફ જસ્ટિસએ રાજ્ય સરકારના વકીલને પૂછ્યું કે કેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા? રાજ્ય સરકારના વકીલે કહ્યું કે ૧૨૩ ગેરકાયદે બાંધકામો છે. જેમાં જસ્ટિસ જેબી પારડીવાલાએ કહ્યું, તમારા કહેવાનો આધાર શું છે કે તે અનધિકૃત હતું, તમે ૧૯૬૦થી શું કર્યું? તમે છેલ્લા ૫૦ વર્ષથી શું કરી રહ્યા હતા? તમે ખૂબ જ અહંકારી છો. રાજ્યએ એનએચઆરસીના આદેશનું થોડું સન્માન કરવું પડશે. તમે મૌન બેઠા છો અને અધિકારીની પ્રક્રિયાઓનું રક્ષણ કરો છો. વધુમાં ચીફ જસ્ટિસએ કહ્યું કે મનોજ ટિબ્રેવાલ દ્વારા વોર્ડ નંબર ૧૬ મોહલ્લા હમીદનગરમાં સ્થિત તેમના પૈતૃક મકાન અને દુકાનને તોડી પાડવાની ફરિયાદ કરીને સંબોધવામાં આવેલા પત્ર અંગે સુઓ મોટુ સંજ્ઞાન લેવામાં આવ્યું હતું. રિટ પિટિશન પર નોટિસ આપવામાં આવી હતી.

સ્પે. દિવાળી કાઉન્ટર
નવદીપ હોલ નારણપુરા
સીમા હોલ પ્રહલાદનગર
કાજુ માવાની અવનવી આઇટમો ● વિવિધ ટેસ્ટફુલ નમકીન ● ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષતો ખરાજ
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી
જયહિંદ સ્વીટ્સ TM
Baker's Den
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૬૮૬
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ

Shagun RATNA
An ISO 9001-2000 Certied Company
ગ્રહોના રીયલ નંગમાં વિશાળ શ્રેણી કલેક્શન
દરેક ગ્રહોના રીયલ નંગ ગેરન્ટી કાર્ડ સાથે મળશે
એસ. પરોપકાર સિંહ જોહરી એન્ડ સન્સ
ચાંદલા ઓળ, માણેકચોક અમદાવાદ.
Ph: 9265682478 / 93755 31688
Email:shagunratna88@yahoo.com
૬, જીએફ અક્ષર કોમ્પલેક્ષ, શીવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ અમદાવાદ. મો.૯૫૫૮૮૮૭૫૪

સર્ટીફાઈડ ગ્રહોના રત્નો
પોખરાજ માણેક પરવાળા ગોમેદ પન્ના નિલમ હીરા લસણીયો મોતી
સ્થાપના : ૧૯૩૩
તા. ૨૪/૧૦ ગુરૂ પુષ્ય નક્ષત્ર તથા તા. ૨૯/૧૦ ધનતેરસ ના શુભ મુહૂર્તમાં ખરીદી કરો
૧૦૦ % જેન્યુન ક્વોલીટી
હિંમતલાલ ટી.પાટડીયા
વર્ષો થી એક ધારો વિશ્વાસ
સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર, અમદાવાદ-૧
M- 9825035165, 7229035165
જ્યોતિષ માર્ગદર્શન મળશે- રવિવારે ચાલુ

શ્રી કામધેનુ
સ્પે.મીક્ષ બરફી- મીક્ષ મીઠાઈ દુગ્ધાલય
નવરાત્રી તથા દિવાળી માટે સ્પે.દુધનો હલવો
વલોણાનું શુદ્ધ ઘી- ગાયનું શુદ્ધ ઘી
મઠોઃ- કેસર-ફ્રુટ-મેંગો-કાજુ અંજીર તથા પ્રસાદીયા પેંડા મળશે.
૨૧/૨૨, મહારાણા પ્રતાપ સેન્ટર, વી.એસ. હોસ્પીટલની પાસે, કાપડીયા ગેસ્ટહાઉસની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ધવલ મોદી ફોન નં.૯૫૮૬૦૦૦૦૭૭

દિવાળી વેકેશન ના LTC માન્ય પ્રવાસો
જીરાવાલા ટુરીઝમ
કાશ્મીર શ્રીનગર શ્રી વૈષ્ણોદેવી
સિમલા મનાલી ડેલહાઉસી
હરિદ્વાર મથુરા-આગ્રા શ્રીનાથજી
નેપાળ કાઠમંડુ-પોખરા અયોધ્યા
ગંગાસાગર કોલકત્તા જ.પુરી-ચંપારણ્ય
સપ્ત જ્યોર્તિલીંગ દ.ભારત તિરૂપતી-રામેશ્વર કન્યાકુમારી
ગોવા મહાબળેશ્વર લોનાવાલા ઈમેજીકા
જોધપુર જેસલમેર-જયપુર પુષ્કર-શ્રીનાથજી
INDIVIDUAL PACKAGES BY AIR / RAIL
કેરાલા - સિક્કીમ - કાશ્મીર - લેહ લદ્દાખ - ઉત્તરાખંડ
હોટલમાં સ્પે.રૂમ, ગુજરાતી-પંજાબી જમવા સાથે By AC 2x2/Sleeper Coach
M. 94087 77333, 94267 55909, 99254 54333
Maninagar : 94260 88705, 99132 19706

H.K.TRAVELS
New Launched Luxury

ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

વેસ્ટર્ન ટાઇમ્સ ગુજરાતી આવૃત્તિના
આગળના પાના વાંચવા માટે
નીચેની **લીંક પર ક્લિક** કરો

## વેસ્ટર્ન ટાઇમ્સ




To read the other pages of
**Western Times English** Edition
Click on the **link** below

## Western Times




www.westerntimesnews.in

For any type of inquiry
079-26402880